

“ મિમિક્રી કરવામાં માહેર સુનિલ અમિતાભ, સલમાન અને આમિરની બખૂબી કોપી કરે છે. તાજેતરમાં ‘હેપ્પી પટેલ: ખતરનાક જાસૂસ’ના પ્રમોશનમાં તેમણે આમિર ખાનની અદભૂત મિમિક્રી કરી. વીડિયોમાં તેમણે આમિર જેવો ગેટઅપ કરી આમિરને જ તેની ઓફિસમાંથી કઢાવી દીધા!

## ડૉ. ગુલાટી અબ મશહૂર હો ગયે

# બચ્ચન, સલમાન, આમિર બનતા અસલ બહેરુપીયા સુનિલને જાણો છો?

સુનિલ ગ્રોવર ભારતના સૌથી લોકપ્રિય કોમેડિયન અને ટેલેન્ટેડ એક્ટરમાંના એક છે. તેમના જાણીતા અને લોકોના પસંદીદા કેરેક્ટર્સ ગુથ્થી, ડો. મશહૂર ગુલાટી અને રિંકુ દેવીએ લાખો લોકોને હસાવ્યા છે અને તેનાથી તેઓ ઘર ઘરમાં જાણીતા થયા છે. તેમના કરિયરમાં ઘણા ઉતાર-ચઢાવ આવ્યા પરંતુ ટેલેન્ટ, મહેનત અને હિંમતથી તેમણે જોરદાર કમબેક કર્યું છે. આજે, સુનિલ પહેલાંથી વધુ મજબૂત અને લોકપ્રિય છે, જ્યાં તેમના મિમિક્રી વીડિયો વાયરલ થઈ રહ્યા છે અને નવા પ્રોજેક્ટ્સ તેને વધુ ચર્ચામાં લાવી રહ્યા છે.

**હેલ્લો... મૈં ગુથ્થી બોલ રહી હૂં**

સુનિલ ગ્રોવર હરિયાણાના સિરસા જીલ્લાનાં પંજાબી પરિવારમાંથી આવે છે. તેને પહેલેથી જ થિયેટર કરવાનો શોખ હતો અને આ ફિલ્ડમાં કરિયર બાબતે સ્પષ્ટ હતા. એટલે પંજાબ યુનિવર્સિટીમાં એડમિશન લઇ થિયેટરમાં માસ્ટર્સ ડિગ્રી મેળવી. સુનિલ કોલેજમાં તેની ફની વાતો અને મિમીક્રીને કારણે ઘણો ફેમસ હતો. કોલેજના દિવસોમાં જ જાણીતા કોમેડિયન જસપાલ ભટ્ટીએ તેને શોધી કાઢ્યો અને પોતાના સાથે કામ કરવાની તક આપી. તે સમયે સુનિલ નહોતો જાણતો કે આ રસ્તો તેને ક્યાં લઇ જશે. તેણે તરત ‘હા’ કરી દીધી. આમ તેને કોમેડીની દુનિયામાં એન્ટ્રી મળી. પણ સપના લઈ મુંબઈ આવ્યા પછી મહિને ફક્ત રૂ. 500 જ કમાતો. રોજ રોજ ઓડિશન અને પછી રિજેક્શનને કારણે ઘણી વખત નિરાશા મળતી. 1995માં ‘ફુલ ટેન્શન’ નામની દૂરદર્શનની એક સિરીયલમાં આવા જ વિઘવિઘ કિરદારો ભજવતો. 1998માં ‘પ્યાર તો હોના હી થા’માં દેખાયો હતો. ટીવી અને ફિલ્મોમાં સાથે કામ કરતો સુનિલ જેટલો ફની એટલો જ સેન્સીટીવ પણ છે. એક વખત તો આવો ડિપ્રેશનમાં પડ્યો કે હોસ્પિટલમાં દાખલ કરવો પડ્યો. આ વાત થોડા સમય પહેલાં તેના એક કો-એક્ટરે પોડકાસ્ટમાં કહી હતી. સુનિલની આ સંઘર્ષકથા ઘણા ન્યૂકમર્સને પ્રેરણા આપે છે કે સફળતા સરળ નથી મળતી, તેના માટે પેશન્શ જરૂરી છે.





**મૈરે હસબંડ મુજકો પિયાર બહુત કરતે...**

મીડિયાનાં અહેવાલો મુજબ, સુનિલ અને તેની પત્ની આરતી પંજાબ યુનિવર્સિટીમાં કોલેજનાં દિવસોમાં મળ્યા હતા. આટલા વર્ષો સુધી ડેટિંગ કર્યા પછી, બંનેએ 2015 માં લગ્ન કર્યા. તેમનો એક પુત્ર છે. પત્ની આરતી ગ્રોવર એ ઇન્ટિરિયર ડિઝાઇનર છે. કેમેરાથી ઘેરાયેલા સુનિલથી અલગ તે મીડિયાથી દૂર રહે છે. એ હદે કે તે સોશ્યલ મીડિયા પર પણ એક્ટિવ નથી. સુનિલે કહે છે તે સૌથી પહેલા આરતી પર તેના જોક્સ ટ્રાય કરે છે; જો આરતી હસે, તો તે તેને સ્ટેજ પર આંખ બંધ કરી પર્ફોમ કરી દે છે. ડિપ્રેશન અને હાર્ટ સર્જરી સમયે આરતીએ તેની કાળજી લીધી હતી અને ડિપ્રેશનમાંથી બહાર કાઢવા માટે ઇમોશનલ સપોર્ટ પૂરો પાડ્યો હતો. તેના દીકરાએ પણ કમબેક કરવા માટે મોટિવેટ કર્યા હતા.

**ચલા લલ્લન હીરો બનને...**

સુનિલ ટીવી પર 2000માં શરૂઆત કરી ‘ચલા લલ્લન હીરો બનને’થી અને SAB TVના ‘ગુટુરગુ’ જેવા શોમાં કોમેડી કરતા. આ શો એટલો ફેમસ નહોતો પણ સુનિલનું કામ એમાંથી નિખરી આવ્યું. પરંતુ તેમની કોમેડીની અસલી સફર શરૂ થઈ 2013માં, જ્યારે ‘કોમેડી નાઈટ્સ વિથ કપિલ’માં ગુથ્થીના રોલ મળ્યો. આ કેરેક્ટરે તેમને ઘર-ઘરમાં મશહૂર કરી દીધો અને તેની મિમિક્રીનુ જાદુ દુનિયાને બતાવ્યું. પછી તો ‘ધ કપિલ શર્મા શો’માં ડો. મશહૂર ગુલાટી, રિંકુ દેવી, પિન્ટુ, સૂર્યપ્રકાશ જેવા કેરેક્ટર્સે તેને વધુ ફેમસ કર્યો. અને ગલીના આ કિરદાર બોલિવૂડ સુધી પહોંચ્યા. સ્ટાર્સ જેમ કે અમિતાભ બચ્ચન, ગુલઝાર, સલમાન ખાન અને આમિર ખાનની મિમિક્રી પણ તેઓ બખૂબી કરી જાણે છે. તેને ફિલ્મો પણ ઓફર થવા લાગી. તેમણે ‘ગજની’ (2008), ‘ગબ્બર ઈઝ બેક’ (2015), ‘ભારત’ (2019), ‘જવાન’ (2023), ‘બ્લેકઆઉટ’ (2024) વગેરે જેવી ફિલ્મોમાં પણ કામ કર્યું છે. OTT પર ‘સનફ્લાવર’ અને ‘તાંડવ’ જેવી વેબસિરીઝમાં એક્ટિંગ કરી જેમાં તેમની કોમેડી અને ડ્રામા બંનેની કુશળતા દેખાઈ.

**જીંદગી બરબાદ હો ગયા...**

2017માં સુનિલ ગ્રોવરનો કપિલ શર્મા સાથે શો બાબતે ચાલુ ફ્લાઈટમાં ઝઘડો થયો હતો, જેના કારણે તેણે એ શો છોડી દીધો. આ ફાઇટ ખૂબ વાયરલ થઇ અને મીડિયામાં મોટો વિવાદ બન્યો. આ સમયે એ પણ અફવા ફેલાઇ હતી કે કપિલે ચાલુ ફ્લાઇટમાં સુનિલને પોતાનું શૂઝ ઉતારીને માર્યું. આ કોન્ટ્રોવર્સી પછી ગ્રોવરે પોતાનો શો ‘કાનપુર વાલે ખુરાનાસ’ શરૂ થયો, પરંતુ તે ફ્લોપ ગયો અને કપિલ જેવો કોમેડી શો હોવાથી કોપીકેટ કહેવાયો. આ શો ફ્લોપ જવાના કારણે તેને ઘણું નુકસાન થયું અને તેને ડિપ્રેશનમાંથી પસાર થવાનું આવ્યું. હોસ્પિટલમાંએ દાખલ કરવામાં આવ્યો અને કામ પણ ઓછું મળતું. જેના પરિણામે 2022માં તેને હાર્ટઅટેક આવ્યો અને ચાર-ચાર બાયપાસ સર્જરી પણ કરાવવી પડી.

**મરતે દમ તક આપકે સાથ...બાકી સબ ભગવાન કે સાથ**

પણ 2023 પછી તેણે ફરી કમબેક કરવાની કોશિશ કરી. સુનિલના ગયા પછી કપિલનો શો પણ કોમેડી વગરનો થઈ ગયો. એ વાત કપિલને સમજાઈ અને 2024માં કપિલ શર્મા અને સુનિલ વચ્ચેના મતભેદો દૂર થયા અને બંને ફરી એકસાથે શો કરવા તૈયાર થયા. કોન્ટ્રોવર્સીને કારણે બંનેના કરિયરમાં બ્રેક લાગી ગયો હતો. પરંતુ ‘ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો’માં બંને સાથે જોવા મળ્યા અને આ શો સુપરહિટ રહ્યો. દર્શકોએ તેમને ફરીથી સ્ટાર બનાવ્યા. તાજેતરમાં ‘હેપ્પી પટેલ’ ફિલ્મના પ્રમોશનમાં તેણે આમિર ખાનની અદભૂત મિમિક્રી કરી. વીડિયોમાં તે આમિર જેવો ગેટઅપ કરી આમિરને જ તેની ઓફિસમાંથી કઢાવી દીધા! ને લોકો ગજનીનો સિન યાદ કરવા લાગ્યા. ●


# બોલિવૂડનાં આ કલાકારોને મળ્યા પદ્મ એવૉર્ડ

ટ્રેન્ડિંગ


બોલિવૂડમાં ફિલ્મની સંખ્યા, બોક્સઓફિસ કલેક્શન, બ્રૅન્ડ સિવાય પણ બીજા રસ્તાઓ છે જે તમારું કામ કેવું, કેટલું ઉપયોગી છે તે જણાવે છે. પડદાની ઝગમગાહટ પાછળ અસંખ્ય કલાકારોની વર્ષોની મહેનત છુપાયેલી હોય છે. ફિલ્મ, સંગીત, રંગભૂમિ અને કલાઓ સાથે જોડાયેલા આ કલાકારો સમાજને વિચારવા, અનુભૂતિ કરવા અને જોડાવા માટે પ્રેરણા આપે છે. આ જ કારણસર પદ્મ પુરસ્કાર જેવા રાષ્ટ્રીય સન્માનોનું મહત્વ અનેકગણું વધી જાય છે. પદ્મ વિભૂષણ, પદ્મ ભૂષણ અને પદ્મ શ્રી – આ ત્રણેય સન્માન અંગતસિદ્ધિ કરતા ભારતીય કલાને વહદરે જાણીતી બનાવે છે. ત્યારે વર્ષ 2026ના પદ્મ પુરસ્કારોની હમણાં જાહેરાત થઈ. આ વર્ષે કુલ 131 પદ્મ પુરસ્કારો આપવામાં આવ્યા, જેમાં 5 પદ્મ વિભૂષણ, 13 પદ્મ ભૂષણ અને 113 પદ્મ શ્રી પુરસ્કારોનો સમાવેશ થાય છે. આ યાદીમાં ફિલ્મ, સંગીત, રંગભૂમિ, અને અન્ય કલા ક્ષેત્રે અદ્વિતીય યોગદાન આપનાર અનેક પ્રતિભાઓને સન્માનિત કરવામાં આવી છે. ત્યારે બોલિવૂડના કયા કલાકારને સન્માન પ્રાપ્ત થયું તે જાણીએ

દાયકાઓ સુધી રોમેન્ટિક, એક્શન અને પારિવારિક ફિલ્મોમાં દિલ જીતનારા અને નવેમ્બર 24- 2025માં જેમનું અવસાન થયું તેવા બોલિવૂડના ‘હી-મેન’ ધર્મેન્દ્રને મરણોત્તર પદ્મ વિભૂષણથી સન્માનિત કરવામાં આવ્યા. 2012માં તેમને પદ્મ ભૂષણથી સન્માનવામાં આવ્યા હતા.









સુરીલી અવાજની રાણી તરીકે જાણીતી અલ્કા યાજ્ઞિકે હિન્દી સિનેમાને યાદગાર ગીતો આપ્યા છે.

અનેક સુપરહિટ રચનાઓ તેમના અવાજથી અમર બની. તેઓ બે વખત રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર પણ જીતી ચુક્યાછે. સંગીતના ક્ષેત્રે તેમના લાંબા અને અસરકારક યોગદાન બદલ તેમને પદ્મ ભૂષણ આપવામાં આવ્યો.

મલયાલમ સિનેમાના દિગ્ગજ અભિનેતા મમૂટ્ટી ભારતના શ્રેષ્ઠ અભિનેતાઓમાં ગણાય છે. 1998માં પદ્મ શ્રી મેળવનાર મમૂટ્ટીએ ત્રણ વખત નેશનલ એવોર્ડ ફોર બેસ્ટ એક્ટર જીત્યો છે અને હવે પદ્મ ભૂષણથી તેમનું રાષ્ટ્રીય સ્તરે સન્માન થયું છે. સાથે જ એડવર્ટાઈઝિંગની દુનિયામાં નવો યુગ લાવના પિયુષ પાંડેને પણ મરણોત્તર પદ્મ ભૂષણથી નવાજવામાં આવ્યા.


હવે પદ્મ શ્રી પુરસ્કારની વાત કરીએ તો છેલ્લા છ દાયકાથી વધુ સમયથી રંગભૂમિ સાથે જોડાયેલા અનિલ કુમાર રસ્તોગી થિયેટર અને ફિલ્મ બંને ક્ષેત્રે સક્રિય રહ્યા છે. થિયેટર કલા માટે પદ્મ શ્રી દ્વારા સન્માન કરાયું.

રંગનાથન માધવન – એટલે કે આર. માધવને ફિલ્મોમાં તેની અભિનયક્ષમતાનો પરચો આપી, વિવિધ ભાષાના સિનેમામાં કામ કરવા માટે પદ્મશ્રી આપવામાં આવ્યો. તો બંગાળી ફિલ્મ ઉદ્યોગના સુપરસ્ટાર પ્રોસેન્જિત ચેટર્જીએ 300થી વધુ ફિલ્મોમાં કામ કર્યું છે. ત્રણ દાયકાથી વધુ સમયની કારકિર્દી બદલ તેમને પદ્મ શ્રીથી સન્માનિત કરવામાં આવ્યા. હ્યુમર અને સેટાયરના બાદશાહ, જાને ભી દો યારો, અને સારા ભાઈ VS સારાભાઈથી અમર થનારા, 25 ઓક્ટોબર 2025ના રોજ જેમનું અવસાન થયું તેવા કલાકાર સતીશ શાહને મરણોત્તર પદ્મ શ્રી આપવામાં આવ્યો છે. આ જ શોમાં તેમના ફુઆ બનેલા અને આપણા ગુજરાતી રંગમંચ, અને હાલ અનુપમા સીરિયલમાં દેખાઈ રહેલા અરવિંદ વૈદ્યને પણ પદ્મશ્રી આપવામાં આવ્યો. આ વર્ષની પદ્મ પુરસ્કાર યાદીમાં ફિલ્મ ઉપરાંત સંગીત, રંગભૂમિ, સર્જનાત્મક કલાઓ સાથે જોડાયેલા કલાકારોને સન્માનિત કરવામાં આવ્યા છે. જેમાં ગુજરાતના હાજી રમકડું, રતિલાલ બોરીસાગર, નિલેશ માંડલેવાલા, ધાર્મિકલાલ ચુનીલાલ પંડ્યાને પણ આ સન્માન આપવામાં આવ્યું છે. ●

# ભૂમિ ખીલશે દલદલમાં?

શો-શા

દમ લગા કે હઈશા કરનારી ભૂમિ પેડનેકરને ભૂલી તો નથી ગયા ને, 2025માં એક ફ્લોપ ફિલ્મ અને ઠીકઠાક ટ્રેન્ડ થયેલી વેબસિરીઝ સિવાય ક્યાંય દેખાઈ નથી. હવે તે ફરી OTT પર દલદલ નામની વેબસિરીઝમાં જોવા મળવાની છે. એમ તો આ સિરીઝ ‘ભેંડી બઝાર’ બુક પરથી બની છે. જેમાં મુંબઈની પોલીસ ઓફિસર એક સિરિયલ કિલરને પકડે છે, તેની સસ્પેન્સ થ્રિલર સ્ટોરી છે. લોકોને ગમશે તો ભૂમિ વધુ OTT પર દેખાય તેની સંભાવનાઓ વધશે અને જો અહીં પણ તેને ઑડિયન્સ ‘ભીડ’માં ભૂલી જશે તો? ટૂંકમાં બધું ‘શુભમંગલ’ કરવા તે વધારે સાવધાન બની છે.



● **સવારની શરૂઆત કેવી રીતે થાય છે?**
ચા અને થોડી સેલ્ફ-ટોક

● **તમને સૌથી વધુ ગુસ્સો ક્યારે આવે?**
જ્યારે લોકો મારો સમય બગાડે.

● **બોલિવૂડમાં કઈ ગોસિપ કરવામાં મજા પડે?**
કોણ કોની સાથે ડેટ કરે છે...

● **કયો રોલ સૌથી વધુ ડરાવનારો હતો?**
સાંડ કી આંખ – એ ફિઝિકલ અને ઈમોશનલ બંને રીતે.

● **ફેમ મળવાથી તમે બદલાયા છો?**
હા, પણ હું જમીનથી જોડાયેલી રહું છે.

● **રેડ કાર્પેટ માટે તૈયાર થવામાં કેટલો સમય લાગે?**
સમય ને ભૂલી જાવાનો... જ્યાર સુધી ‘પર્ફેક્ટ’ ન લાગુ.

● **હાઈ હીલ્સ કે સ્નીકર્સ?**
કમ્ફર્ટ ફર્સ્ટ, સ્નીકર્સ

● **જિમ કે યોગા?**
જિમ – સ્ટ્રોન્ગ લાગવું ગમે છે.

● **ચીટ ડે પર શું ખાઓ?**
પેટ ભરીને...પિઝા!

● **લેટ નાઈટ રૂટિન શું હોય?**
સ્ક્રિપ્ટ વાંચવી કે મ્યુઝિક સાંભળવું.

● **પ્રેમમાં વધુ રોમેન્ટિક રહેવું કે પ્રેક્ટિકલ?**
રોમેન્ટિક પણ સમજદારી સાથે

● **તમારી સૌથી મોટી તાકાત?**
ડિસિપ્લિન.

● **સૌથી મોટી કમજોરી?**
ઓવરથિંકિંગ.

● **OTT કે બિગ સ્ક્રીન?**
બિગ સ્ક્રીન – એની મજા અલગ જ છે.

● **ફેમ અને પ્રાઈવસી – બેલેન્સ થાય છે?**
મુશ્કેલ છે, પણ અશક્ય નથી.

● **સ્ટારડમ કે સબસ્ટન્સ?**
સબસ્ટન્સ(સાચી વેલ્યૂ) – સ્ટારડમ એની પાછળ આવે. ●